# શિક્ષણમાં વાલીની ભૂમિકા

આજે પણ ઘણાં વાલી માને છે કે, શિક્ષણની જવાબદારી માત્ર શાળા અને શિક્ષકની છે. અમે બાળકોને નિયમિત પણે શાળામાં મોકલીએ છીએ, પરંતુ અમારા બાળકને મળતાં શિક્ષણથી અમને બિલકુલ સંતોષ નથી. ત્યારે પ્રશ્ન થાય છે કે શું શિક્ષણની જવાબદારી માત્ર શિક્ષક અને શાળાની જ છે? તે માટે વાલીની કોઇ જવાબદારી કે ભૂમિકા હોઇ શકે ખરી?

હા.... શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન જ હોય તો તેની જવાબદારી માત્ર શાળા અને શિક્ષકની ગણી શકાય. પરંતુ સાચા અર્થમાં અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી. શાળામાં અપાતું ઔપચારિક શિક્ષણ અને બહારથી કે મિત્રો પાસેથી કે આસપાસના વાતાવરણમાંથી મેળવવામાં આવતાં અનૌપચારિક શિક્ષનું પણ ઘણું જ મહત્વ છે. દરેક વ્યકિતના જીવન વિકાસ માટે અનૌપચારિક શિક્ષણનું મહત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે. અને આ અનૌપચારિક શિક્ષણનો પાયો, સ્રોત ઘર ગણી શકાય. જો બાળકને તેના ઘરમાંથી જ કે વાલી પાસેથી આ શિક્ષણ નહીં મળતું હોય તો બીજે અપેક્ષા રાખવી પણ વ્યર્થ છે, અથવા તો તે વાલીને એમ કહેવાનો અધિકાર પણ નથી કે મારા બાળકને યોગ્ય શિક્ષણ આપવામાં શાળા કે શિક્ષણ અધૂરાં સાબિત થયાં છે. બાળકના વિકાસમાં શિક્ષણ અગત્યંનું પાસું છે અને આ પાસાંને સમૃદ્ધતા બક્ષવામાં વાલીની ભૂમિકા ખૂબ જ ખૂબ જ અગત્યની છે. જે અંગે કેટલાંક વિદ્વાનોના મત જોઇએ.

સ્વિટ્ઝરલેન્ડના પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી પેસ્તોલોજીના શિક્ષણનું આયોજન તેમની માતાના પ્રેમ ભર્યા વાતાવરણમાં થયું હતું. જેથી પેસ્તોલોજી બાળકના શિક્ષણ માટે ઘરને ઉત્તમ અને અનિવાર્ય ગણે છે. તેમણે કહેલું કે, ઘર તો પ્રેમ અને સ્નેહનું કેન્દ્ર છે. જે કેળવણીનું સર્વોત્તમ સ્થાન છે અને બાળક માટે પ્રથમ શાળા છે. તેવી જ રીતે જર્મનીના શિક્ષણશાસ્ત્રી ફ્રોબેલ પણ પેસ્તોલોજીના વિચાર સાથે સહમત હતા. તેમના મતે માતા આદર્શ શિક્ષિકા છે અને ઘર દ્વારા અપાતું અનૌપચારિક શિક્ષણ સૌથી વધુ પ્રભાવશાળી અને સ્વાભાવિક હોય છે. આમ બાળકનું શિક્ષણ તેના ઘરથી શરૂ થાય છે. તે જ્યારે અન્ય વ્યક્તિઓના કાર્યોને જોઇને અનુકરણ કરે છે, ત્યારે તે અનૌપચારિક રૂપે શિક્ષણ મેળવે છે. મેડમ મોન્ટેસરીએ પોતાની શાળાનું નામ “ બાળપણનું ઘર“ આપ્યું હતું.

રાયમન્ડે બાળકના શિક્ષણમાં ઘર, માતા, પિતાની ભૂમિકાની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમણે લખ્યું છે કે, “ઘર જ એક એવી જગ્યા છે કે જ્યાં બાળકોમાં મહાન ગુણ ઉત્પન્ન થાય છે. જેની સામાન્ય વિશેષતા સહાનુભૂતિ છે. બાળક ઘરમાં જ ઉદારતા અને અનુદારતા, સ્વાર્થ અને નિ:સ્વાર્થ, ન્યાય અને અન્યાય, સત્ય અને અસત્ય, પરિશ્રમ અને આળષ વચ્ચેનું અંતર શીખે છે. ઉપરાંત સમાજમાં સળફતા પ્રાપ્ત કરવા માટે જરૂરી પ્રેમ સહયોગ, સહાનુભૂતિ વગેરે ગુણો પરિવારમાંથી જ શીખે છે.”

રેમન્ડે વધુમાં કહ્યું હતું કે, “બે બાળકો ભલે એક જ શાળામાં ભણતાં હોય, એક જ શિક્ષકથી પ્રભાવિત થતાં હોય, એક જ પ્રકારનું શીખતાં હોય તો પણ તેઓ પોતાના સામાન્ય જ્ઞાન, રૂચિ, ભાષા, વ્યવહાર અને નૈતિકતામાં પોતાના ઘરને કારણે, જ્યાંથી તેઓ આવે છે, સંપૂર્ણ ભિન્ન હોઇ શકે.”

પ્રાચીન ભારતમાં પણ ઘરએ સામાજિક, આર્થિક તથા ધાર્મિક એમ બધાં જ પ્રકારના શિક્ષણનું કેન્દ્ર હતું. છત્રપતિ શિવાજીમાં વીરતાના ગુણો તેમની માતા જીજાબાઇએ આપ્યાં હતા. ગાંધીજીને નૈતિક તેમજ ધાર્મિક શિક્ષણ તેમની માતા દ્વારા મળ્યું હતું. રામાયણ, ગીતા, મહાભારત અને વેદોમાં કુટુંબનું મહત્વ ગાયેલું જ છે. રામ, લક્ષ્મણ, ભરત, સીતા, દુર્યોધન, યુધિષ્ઠિર વગેરેના વિકાસમાં તેમના પરિવારની અસર દેખાઇ આવે છે.

કે.જી. સૈયદ જેવા શિક્ષણશાસ્ત્રીના મતે કેટલાક પરિવારો દોષ યુક્ત પણ હોય છે. દા.ત. કેટલાક વાલી પોતાના બાળકને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. પરિણામે તે બાળક મોટું થતાં સમાજમાં અનુકૂલન સાધી શકતું નથી. જ્યારે કેટલાંક વાલી બાળકો સાથે કઠોર વ્યવહાર કરે છે, જેથી તે બાળકનું વ્યક્તિત્વ વિકૃત બની જાય છે. ત્યારે તે સમાજ વિરુદ્ધ બગાવત કરવા મજબૂર બને છે. દયાનંદ સરસ્વતિ કહેતા કે, માતા-પિતાએ બાળકને કેટલુંક શિક્ષણ ઉપદેશાત્મક તો કેટલુંક શિક્ષણ આચરણ દ્વારા આપવું જોઇએ.

શ્રી અરવિંદ અને માતાજીનું માનવું છે કે, મા-બાપો બાળકને આપવાની કેળવણી વિશે બહું જ ઓછું વિચારે છે. તેઓ તો બાળકને અવતારવામાં, તેની ભૌતિક આવસ્યકતાઓ સંતોષવામાં જ ઇતિશ્રી માની લે છે. તેઓ બાળકને નિશાળે લઇ જઇ શિક્ષકને તેની માનસિક કેળવણી માટે સોંપણી કરે છે, અને જાણે કે તેઓએ પોતાની ફરજ બજાવી દીધી તેમ માને છે.

શ્રી ટાગોરના મતે શિક્ષણનું ધ્યેય છે કે, વર્તનમાં પરિવર્તન. તેમના મતે જીવનની દૈનિક ક્રિયાઓ જેવીકે, ઘરની સ્વચ્છતા, અતિથી સત્કાર, ભોજન વ્યવસ્થા, દુ:ખી રોગીની સેવા, શિષ્ટાચાર, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સમૂહજીવનના વિવિધ કાર્યક્રમમાં બાળકને જોતરવા જોઇએ. તેનાથી તે જીવનોપયોગી શિક્ષણ પ્રાપ્ત કરે છે.

બાળકના જીવન અને વિચારને મેળ બેસાડવા માટે વિનોબા કહેતા હતાં કે શાળામાં ઘર પ્રવેશવું જોઇએ અને ઘરમાં શાળા પ્રવેશવી જોઇએ. વિનોબાજીના મતે, છાત્રાલય અને ઘર બંને શિક્ષણની બુનિયાદ છે. તેવી જ રીતે શ્રી પાંડુરંગ આઠવલેના મતે દરેક વાલી શિક્ષણનું મહત્વ સમજતા હોવા જોઇએ. જો તેઓ શિક્ષણનું મહત્વ સમજતા હશે તો જ શિક્ષણ માટે જરૂરી યોગ્ય માર્ગદર્શન આપશે અને તેની જરૂરિયાતો પૂરી કરશે.

આમ બાળકના વિકાસ માટે-શિક્ષણ માટે ઘરની ભૂમિકા અત્યંત મહત્વની છે. જે દરેક વાલીએ સમજીને પોતાના વિચાર અને આચરણમાં ઉતારવું જોઇએ. વાલીના વર્તનની અસર બાળકો પર ખૂબ જ ઊંડી પડે છે, આ માટે વાલીઓએ શું કરવું જોઇએ તે કહેવાની જરૂર રહેતી નથી. વાલીઓ તે કરશે જ તેમ માની લઇએ.